# પ્રેરણા – પ્રસન્નતા

સુખ અને પ્રસન્નતામાં ઘણો ફરક છે. સુખ આવે ને જાય. સુખની પાછળ દુઃખ હોય જ. સુખ એ આપણી ઈચ્છાઓનો માપદંડ છે, ઈચ્છા પૂરી થઈ તો સુખી, ન થઈ તો દુઃખી.

પરંતુ પ્રસન્નતા એ પરમ આનંદની અવસ્થા છે – a state of blissfulness. આને સમાધિઅવસ્થા પણ કહેવામાં આવે છે. જેમાં ફક્ત અને ફક્ત આનંદ, શાંતિ અને પરમ સુખની અનુભૂતિ રહે છે. આ પ્રસન્નતા એ માનવીના આત્માનો-જીવતત્વનો મૂળભૂત સ્વભાવ છે.

નાના બાળકને રમતાં જોયું છે. નિર્દોષ આનંદ, એના મુખ ઉપર હોય છે. એનું રમકડું લઈ લો, બે મિનિટ રડીને ભૂલી જાય છે અને પાછો બીજા રમકડાથી રમવા લાગે છે. ભોળપણ, નિર્દોષતા, સરળતા, સહજતા વગેરે એનો સ્વભાવ હોય છે. ઈચ્છાઓ અને ઈર્ષાઓ એનાથી ક્યાંય દૂર હોય છે. સંતોષ અને પ્રેમ એનો સ્વભાવ હોય છે.

બાળક જલ્દી ભૂલી જાય છે, એટલે જ આખો વખત આનંદમાં રહે છે. મોટાભાગના બાળકો દિવસમાં 200થી વધુ વખત હસે છે, જ્યારે પુખ્તવયની વ્યક્તિ દિવસમાં મુશ્કેલીથી 20 વખત હસે છે. ભૂલી જવું, હસતાં રહેવું અને વિકાસ કરવો, આ બાળકનો સહજ સિધ્ધાંત છે, અને તેથી જ તેનું મુખ પ્રસન્ન હોય છે.

પરંતુ એ જ બાળકને બાળમંદિરમાં મુકતાં જ આપણે એનામાં સ્વભાવ અને સંસ્કાર લાવવાનું શરૂ કરી દઈએ છીએ. તારી વસ્તુઓ સાચવતાં શીખ, કોઈને આપવાની નહીં, કોઈનો માર ખાઈને આવવાનું નહીં, વગેરે વગેરે.

જાણતાં- અજાણતાં, આપણે એની નિર્દોષતાને મારી નાખીએ છીએ અને એના સંસ્કારોને સાત્વિકમાંથી રાજસિક બનાવીએ છીએ. જેમજેમ એ બાળક મોટો થતો જાય છે, તેમતેમ એને જીવનની સ્પર્ધામાં આગળ કેમ વધવું અને બીજાને કેમ પછાડવા, એ શીખવાડીએ છીએ. તારા માર્ક્સ બીજા કરતાં ઓછા કેમ ? એના મૂળ ભોળા સ્વભાવને બદલાવી, એનામાં હરીફાઈ, ઈર્ષા અને અહંકારના મૂળ નાખીએ છીએ.

બાળકના જીવનમાંથી વિવિધતા ચાલી જાય છે. જિંદગી monotonous – કંટાળાજનક અને વૈવિધ્યહીન બની જાય છે. જિંદગી મશીન બની જાય છે. આનંદ કરતા સફળતાને વધારે મહત્વ આપવામાં આવે છે. આગળ આવવાની ઈચ્છા, હરીફાઈ વગેરેને કારણે પરિણામ આવે છે, પણ એનો નિર્દોષ આનંદ છીનવાઈ જાય છે. આનંદની પરિભાષા જાણે કે બદલાઈ જાય છે.

મોટો થતાં એ વધારેને વધારે જીવનમાં આગળ આવે, વધારે પૈસા કમાય, ગાડી- બંગલા લઈ શકે એવા સ્પર્ધાત્મક લાગણીઓને જન્મ આપીએ છીએ. જાણતાં- અજાણતાં કંઈ કેટલા દુર્ગુણો એનામાં આવી જાય છે. એના જીવનને દુઃખ, વેદના અને ઉદાસીથી ભરી દઈએ છીએ.

મોટાભાગનાં બાળકો ગમે તેવાં સંજોગોમાં આનંદમાં હોય છે, પરંતુ આજની ભાગદોડની દુનિયામાં અંતે તો એ ભૌતિકવાદ (materialism)નો ભોગ બને જ છે. નચિંત વલણ (carefree attitude) ચાલ્યું જાય છે.

જીવનના આ તબક્કાઓથી આપણે સહુ પસાર થઈએ છીએ. પૈસા વધ્યા, સુખ- સાહ્યબી વધી, પરંતુ આપણે સુખી નથી, ખુશી નથી, આનંદમાં નથી. જીવનમાં પ્રસન્નતા નથી, શાંતિ નથી. આપણા આત્માનો- જીવતત્વનો મૂળભૂત સ્વભાવ ઢંકાઈ ગયો છે અને આપણે આ મહામૂલ્ય જીવનને જેમતેમ કરીને અશાંતિ, અસુખ, દુઃખ, યાતના, વેદના વગેરેની વચ્ચે પૂરું કરીએ છીએ. જીવનમાં હરપળે કશુંક ગુમાવવાનો ડર રહે છે.

જીવનમાં જ્યાં સુધી નિત્ય- અનિત્યની સમજ અને દ્વૈત- અદ્વૈતતાનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી આપણે સંતોષ, નિર્ભયતા, અભયતા, પ્રસન્નતા અને પરમ સુખને પ્રાપ્ત કરી શકતા નથી.

આ માટે, ધર્મની સાચી સમજણ હોવી જરૂરી છે. ધર્મ એ કોઈ પાપ અને પુણ્ય નથી. પાપ એ ડર આપે છે અને પુણ્ય એ પ્રલોભન. કોઈ પણ ધર્મના હાર્દમાં ડર અને પ્રલોભન હોઈ શકે જ નહીં. આવતા ભવમાં દેવલોક કે સ્વર્ગ મેળવવા કરતાં, આ જીવનમાં એવી રીતે જીવીએ કે અહીં જ દેવલોકના પરમ આનંદની, પરમ સુખની, પરમ પ્રસન્નતાની અને પરમ શાંતિની પ્રાપ્તિ થાય.

આ માટે, શરૂઆતમાં સાધના કરવી પડે, પરંતુ પછી એ જીવનમાં વણાઈ જાય, સ્વભાવમાં પરિવર્તન થઈ જાય. જીવનમાં પછી કાંઈ કરવાનું રહેતું નથી, થતું જાય છે. દાન- ત્યાગ કરવો પડતો નથી, સહજતાથી થઈ જાય છે.

જીવનમાં સુખ અને દુઃખ એ મનના વિકારો છે, મનની પરિસ્થિતિ છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ છે. જે વસ્તુ આપણી પાસે હોતી નથી એ મેળવવા માટે આપણે દુઃખી હોઈએ છીએ. મળી જાય ત્યારે ખુશ થઈ જઈએ અને પછી પાછા નવી સારી વસ્તુ મેળવવાની ઈચ્છામાં દુઃખી થઈએ છીએ. આમ, જીવનની આગળ વધવાની સ્પર્ધામાં- હરીફાઈમાં આપણે આપણી પરમ આનંદની અવસ્થાને ગુમાવી દઈએ છીએ. પૈસા, પદાર્થ (પુદ્ગલો) અને શરીરના મોહમાં આપણે સતત તાણમાં અને ત્રાસમાં જીવીએ છીએ.

મારા ગુરૂમૈયા માસ્વામી જયવિજયાજીએ, આ જીવનમાં પરમ આનંદ અને પરમ પ્રસન્નતા પાછી મેળવવી હોય તો દાન- શીલ- તપ- ભાવના માર્ગે ચાલતા શીખવ્યું. દાન થકી પૈસા અને પદાર્થનો મોહ ઓછો થાય, અને તપ થકી શરીરનો મોહ ઓછો થાય. પૈસા, પદાર્થ અને શરીરની અનિત્યતાના રહસ્ય સમજાય. ત્યારબાદ આંતરતપથી ધ્યાન દ્વારા અમન પરિસ્થિતિમાં આ માર્ગે આવી શકાય. માર્ગ અઘરો જરૂર છે, અશક્ય નથી. ધીમે ધીમે ભાવમાં પરિવર્તન થતાં જ પરમસુખની વૃધ્ધિ, સંતોષ, નમ્રતા અને નિર્ભયતા થકી થવા લાગે છે.

આમ, આખું વર્તુળ આપણે કરવાનો પ્રયત્ન કરીએ છીએ. બાળપણમાં ભોળપણ અને પરમ આનંદ, યુવાનીમાં ઈચ્છાઓ અને સ્વચ્છંદતા અને પ્રૌઢવયમાં સ્વાર્થીપણું અને ડર. અને જો નસીબજોગે કોઈ સાચા માર્ગદર્શક ગુરૂનો ભેટો થઈ જાય તો દાન- તપ- શીલ- ભાવની સાધનાથી પાછું બાળપણ લાવવાની કોશિષ કરીએ છીએ જેથી ભોળપણ, નિસ્વાર્થતા, ઈચ્છારહિતતા અને નીડરતા સાથે પરમ આનંદની પ્રાપ્તિ કરી શકીએ. બાકી મોટાભાગના આપણે દુઃખ, દર્દ, ભય અને ડરમાં જ આપણું જીવન પૂરું કરીએ છીએ.

આ અંતિમચરણમાં વિશ્વવાત્સલ્યભાવમાં પ્રગટ થાય છે, અદ્વૈતભાવ જન્મે છે. અહીં મારું- તારું રહેતું નથી, હરીફાઈ નથી એટલે ડર પણ રહેતો નથી. આ અવસ્થામાં પ્રજ્ઞાનો જન્મ થાય છે. આ એક ઉચ્ચ કક્ષાની અવસ્થા છે. બાળકજીવન એ પૃથ્વી પરનું શુધ્ધમાં શુધ્ધ પ્રતીક છે. પ્રસન્નતાથી જીવન જીવવું

હોય તો સમય આવી ગયો છે કે આપણી અંદરના બાળકને, બાળપણને જગાડીએ. આજ સુખી, સમાધિમય જીવનની ચાવી છે. આ અવસ્થામાં ફક્ત પ્રેમ છે, કરૂણા છે, અનુકંપા છે, દયા છે, સંતોષ છે, અભયતા છે, પરમ સુખ છે, પરમ શાંતિ છે. આ છે અમરત્વની પ્રાપ્તિ, આ છે મોક્ષ.